## નમસ્કાર ગાંધીનગર



રમેશ ઠક્કર

### પમરાટ

ત્યજીને વસ્ત્ર, લે મેદાન વચ્ચે સત્ય બેઠું છે.
નિરંતર જૂઠના તોફાન વચ્ચે સત્ય બેઠું છે.

જરા ઓછું નહીં પડવા દે એના તોલવામાં કંઇ,
ચડાવી પગ, નફા - નુકસાન વચ્ચે સત્ય બેઠું છે.

નિરાશાના નગરમાં છે ગજબ ફફડાટ એ પળથી,
જે પળથી આપણી મુસ્કાન વચ્ચે સત્ય બેઠું છે.

હયાતી મૂળિયામાંથી ઉખાડી ફેંકશે એની;
દગાના દ્વાર ને દરવાન વચ્ચે સત્ય બેઠું છે.

કૌશિક પરમાર 'ઉસ્તાદ'

### પાથેય

# જૂઠના તોફાન વચ્ચે સત્ય...

સત્ય કોઈ અંતિમ ઉપર આવીને અટકવું નથી..એના અનેક આયામો છે..કોઈને હું રામ દેખાતું કોઈને શ્યામ લાગું..કોઈકને સીધો સાદો માણસ લાગું એ જોનારની નજર ઉપર છે..આપણી દ્રષ્ટિ પણ સાપેક્ષ હોય છે..અને એટલે જ એમાં અંગત ગમા અણગમા કે ઉછેર વગેરે બાબતો પણ મહત્ત્વની બની જાય છે..આપણી આસપાસ જે મકાન છે એ બંધિયાર જેવું છે. આપણે એની એકાદી બારી સુધી જઈને એનો અંદાજ મેળવતા રહીએ છીએ..બહુ બહુ તો એની દીવાલના સ્પર્શ સુધી પહોંચીને સિમિત અનુભવ કરતા રહીએ..આપણે આ બંધિયારપણાની દીવાલને ભેદી બહાર નિકળીએ તો જ સાચા વિચાર માટેની ઉડાન ભરી શકીએ..ખૂબ અઘરું હોય છે આ કામ..ચીલે ચાલવાની આપણી ટેવ જન્મજાત હોય છે..અને એટલે જ દુનિયામાં જે માણસો પોતાની રીતે કેડી કંડારી સફર કરતા રહે એની જ બોલબાલા થતી રહે છે.

જગતમાં સાચું શું અને ખોટું શું એના ઉપરનું ચિંતન ચાલતું રહ્યું છે.આપણે જેને ઈશ્વર કે કોઈક ગેબી તત્વ માનીએ છીએ એની તલાશ એ આપણી તાલાવેલી બની રહે છે..એનો એકાદો અણસાર જો મળી જાય તો પણ જીવનનો ફેરો સાર્થક એવું આપણે માનતા રહીએ છીએ..એમાં ઘણીવાર આપણા ભૌતિક કે દુન્યવી માપદંડો નથી ચાલતા..કોઈ સંત,કોઈ કવિ ,કોઈ સંગીતકાર કે કોઈક ચિત્રકાર એની કલા કે સર્જકતા થકી એના રંગ રૂપનો એહસાસ કરી શકતો હોય છે..આપણે ત્યાં શબ્દને બ્રહ્મ કહ્યો છે...સંગીત એ આત્માનો અવાજ ગણાય છે..ભલભલા સજજતા સાથે જે આકારનું રહસ્ય પામી ના શકાય એ પિકાસો જેવા એકાદ નાનકડી પીંછીના લસરકામાં વ્યકત કરી દેતા હોય છે !

આજે જે બાબત આપણને રહસ્યમય લાગે એ કયારેક સહજ પણ લાગે..આપણું ભ્રમનિરસન કે જ્ઞાનની વધતી ક્ષિતિજો કયારેક અટપટી લાગતી કોઈ ચીજને સામાન્ય બનાવી નાખે છે..ત્યારે ખોદયો ડુંગર અને નિકળ્યો ઉંદર જેવી અનુભૂતિ થાય છે..ચાલવું એ ગતાનુગતિક બની જાય તો ભાર બની જાય..એમાં જો બદલાવ કે નવી દિશા મોતી રહે તો જ એનો સાચો અર્થ સમજાય..કોઈપણ સફર ગમે તેટલી વિકટ હોય પણ જો એનો મુકામ સરસ હોય તો એનો થાક લાગતો નથી..સાતત્ય એ આપવા માટેની પરમ શરત છે..આજે પગપાળા ચાલતો માણસ ક્રમશઃ હવાઈ મુસાફરી સુધી પહોંચી જાય તો એમાં નવાઈ પામવા જેવું હોતું નથી..ખાલી ચાલવાના અર્થમાં ચાલ્યા પછી ઉભા રહી જવું એ દરવાજા જેવું હોય છે ! ચાલવું અને દિશા પ્રાપ્ત કરવી એ ગહન બાબત છે..ચાલવાનો થાક હોઈ શકે..ગતિ આનંદમય હોય છે..જગત આખું ગતિમય છે..ચાલવું એકધારું હોઈ શકે ગતિનો એક લય હોય છે..આ સુમધુર લય એ જ જીવનના વલયને દેવાલય તરફ લઈ જતો હોય છે !

# એક બિલ્વ શિવાર્પણમ્ ! ઈ.સ.પૂર્વે ૧૧ માળના બનેલા વૈજનાથ મહાદેવ મંદિરનો રસપ્રદ ઈતિહાસ..!



ગાંધીનગર જંકશન

સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

'ૐ નમઃ શિવાય' શ્રાવણ મહિનો આવે એટલે આ ઉચ્ચાર ઘરોઘર સાંભળવા મળે. મહાદેવના મંદિરમાં તો વિશેષ પૂજા-અર્ચના શરૂ થાય. ભગવાન શંકરને તો દેવ, દાનવ, યક્ષ, કિન્નર, નાગ, મનુષ્ય સૌ પૂજે છે. એટલે તો એ દેવાધિદેવ મહાદેવાય કહેવાય છે. પુરાણોમાં એમ કહેવાય છે કે, સમુદ્રમંથન બાદ નીકળેલા વિષને એમણે કંઠમાં સમાવ્યું અને એ વિષના પ્રભાવને શાંત કરવા દેવતાઓએ એમના પર જલાભિષેક કર્યો અને એટલે શ્રાવણ માસમાં શિવલિંગ પર જલાભિષેક થાય છે.

'કંકર મે શંકર' એટલે કે ઈશ્વરને મેળવવા ભવ્ય મંદિરો કે આરસની મૂર્તિ, અલંકારો, છપ્પન ભોગ, મીઠાઈ, સુવર્ણ આસન, નાણાં કે સોનાના વરખની જરૂર નથી. મહાદેવ તો બિલીપત્ર અને દૂધ પાણીના જળાભિષેકથી પણ રાજી થઈ જાય છે. ઉજ્જૈન મહાકાલેશ્વરની ભસ્મ આરતી પ્રસિદ્ધ છે પરંતુ શું તમને ખબર છે એ ભસ્મ સ્મશાનમાંથી લાવીને લગાડવામાં આવે છે. શ્રાવણ એટલે શંકર એવો પર્યાય બની ગયા છે અને એટલે અત્યારે ભારતમાં આવેલા બારેય જ્યોતિર્લિંગ ખાતે દર્શન કરવા ભક્તો ઉમટી પડ્યા છે. જે ભક્તો ત્યાં સુધી નથી પહોંચી શકતા તેમના માટે એમના ગામ શહેરની આસપાસ મહાદેવનું મંદિર કે શિવલિંગ હોય છે ત્યાં જઈને પણ ભક્તિ કરી શકાય છે.

ગાંધીનગર પાસે આવેલા વૈજનાથ મહાદેવનો મહિમા અપરંપાર છે. ગાંધીનગર પાસે આવેલા વાસણ ગામમાં એક પૌરાણિક શિવમંદિર આવેલું છે. પુરાતત્વ ખાતાના અભ્યાસમાં એવું જણાયું છે કે, આ મંદિર ઈસવિસન પૂર્વે ૧૦૧ વર્ષ જૂનું છે. આ મંદિર રથાકાર જેવું છે. દેવાધિદેવ મહાદેવનું આ મંદિર એકાદશ એટલે કે ૧૧ માળનું છે. જે પૈકી ત્રણ માળ ભૂગર્ભમાં ચોથા પર શિવલિંગ અને બાકીના સાત માળ એની ઉપર આવેલાં છે. આ મંદિરની ખાસિયત એ છે કે અહીં દરેક ભગવાન સ્થાપિત છે. શંકર-પાર્વતી, લક્ષ્મી-નારાયણ, ગણપતિ-રિદ્ધિ-સિદ્ધિ અને નંદી- ગાંધારી. આ મંદિરમાં કુલ ૧૨ શિવલિંગ આવેલા છે. ૧૦ મંદિરમાં ફરતાં, એક માના કરકમળમાં અને બારમું કે જેની પર દૂધ-જળનો અભિષેક થાય છે.





આ મંદિર આમ તો સયાજીરાવ ગાયકવાડના જમાનામાં બંધાવેલું છે, જેના શિવલિંગની કથા પૌરાણિક છે. આ મંદિર માત્ર ઈંટ- પથ્થર અને ચૂનામાંથી બનાવવામાં આવેલું છે. આમાં ક્યાંય લોખંડ, સિમેન્ટ પથ્થર નથી. બહારનું પરિસર પ્રવેશદ્વાર પછીથી બન્યાં છે. અન્યથા આ મંદિર યથાવત છે, જેને સમયાંતરે રંગરોગાનથી સજાવાય છે. શ્રાવણના સોમવારે અહીં ભક્તો ખાસ આસ્થાથી દર્શને આવે છે. અહીં શ્રાવણનો મેળો ભરાય છે અને શ્રદ્ધાળુઓ માથું ટેકવીને ભોળાનાથ મહાદેવના આશિર્વાદ મેળવે છે.

લોકવાયકા તો એવું કહે છે કે, ભવદાસ પટેલ નામના શિવ ભક્ત પોતાની ગાયને ચરાવવા ગોપાલકોની સાથે જંગલમાં આવતા હતા. ગાયને ચરાવીને ઘરે પરત આવી જ્યારે દૂધની શેર કાઢવા બેસતા ત્યારે ગાયના આંચળમાંથી એક ટીપું પણ દૂધ નીકળતું નહોતું. દરરોજ આજ પરિસ્થિતિ ઊભી થતાં ભવદાસ પટેલે એક દિવસ ગોપાલકોની સાથે ગાયની પાછળ પાછળ જંગલમાં ગયા. જંગલમાં ગાય એક જગ્યાએ ઉભી રહેતા જ તેના આંચળમાંથી દૂધની ધારા વહેવા લાગી હતી. ગાયના આંચળમાંથી દૂધની ધારા જમીન ઉપર પડતાં જ નીચે ક્યાંક અલોપ થઈ જતું હતું.

આ દ્રશ્ય જોઈને ભવદાસ પટેલ અચંબિત બની ગયા અને મોઢામાંથી એકદમ ઉદગાર નીકળી પડતાં અવાજ સાંભળી ગાય ગભરાઈને દોડવા જતા ગાયનો પાછળનો પગ દૂધની ધારા જ્યાં પડતી હતી ત્યાં ફસાઈ ગયો હતો. આથી ભવદાસ પટેલે ભગવાનની પોકાર કરતાં દેવાધિદેવ મહાદેવે આકાશવાણીથી કહ્યું કે આ મારું સ્થાન છે, અહીં દેરી બનાવી પૂજા અર્ચના કરવી. ત્યારથી આ જગ્યા ઉપર ગાયના પગની ખરીના નિશાન હાલમાં પણ જોવા મળી રહ્યા છે.

ગામના લોકોએ પટેલની વાત માની એમને સ્વપ્નમાં આવેલા મહાદેવના શિવલિંગ માટે ખોદકામ શરૂ કરવામાં આવ્યું. ગામના માણસોએ ખોદકામ કરતાં ત્યાં ગાયના પગની ખરી જેવું શિવલિંગ મળી આવ્યું અને પછી ત્યાં આ વૈજનાથ મહાદેવની સ્થાપના થઈ!

વાત તો એવી પણ સાંભળવામાં છે કે, આ મંદિરની બાધા રાખતા ભક્તોની ઈચ્છા પરિપૂર્ણ થતી. ઘણાં ખરાં રોગો જે દવાથી ન મટતાં તે આ મહાદેવની કૃપાદૃષ્ટિથી દૂર થતાં. એટલે આ મહાદેવનું નામ વૈદનાથ રાખવામાં આવેલું, પણ સમયાંતરે ભ્રષ્ટ થઈને લોકો વૈજનાથ મહાદેવ કે જેને વાસણિયા મહાદેવ તરીકે તેને ઓળખતા થયાં. આ મંદિરના અગિયારમા માળે બારીઓ છે અને એમાંથી પ્રવેશતા સૂર્યકરિણો દિવસમાં એક વાર તો દરેક શિવલિંગ કે ભગવાન પર પડે છે.

બીજી એક રસપ્રદ લોકવાયકા એવી પણ છે કે, આ મંદિરના ગર્ભગૃહમાં ત્રણ માળ છે, જે વર્ષોથી બંધ રખાયા છે. આજથી લગભગ સવાસો વર્ષ પહેલા અહીંયા સાત ભરવાડણો એમની બાધા પૂરી કરવા આવેલી અને તેઓ આ મંદિરના નીચેના માળે ગઈ હતી, જે પાછી ફરી નહીં. એ પછી ધ્યાને આવ્યું કે, આ મંદિરના ભોંયરામાં ગયેલી વ્યક્તિ પાછી આવતી નથી. એમ પણ કહેવાય છે કે, અડાલજની વાત, ભમરિયો કૂવો અને આ મંદિરના ભોંયરાનું ક્યાંક- કંઈક કનેક્શન છે, જ્યાં લોકો ગાયબ થઈ જાય છે.

બીજી એક રસપ્રદ વાત એ પણ છે કે, જ્યાં મુખ્યશિવલિંગ છે એની બે ફૂટ નીચે પેલી ગાયના પગની ખરીનું શિવલિંગ છે. ત્યાં ગમે ત્યારે ચાર ઈંચ પાણી રહે છે. તમે ત્યાંથી એક ટેન્કર પાણી ખાલી કરો કે એક ટેન્કર પાણી નાખો ત્યાં ચાર ઈંચ પાણીનું લેવલ જ રહે છે. આ જગ્યાએ રહેલું ચાંદીનું શિવિલંગ અને નાગ પ્રતિકાત્મક છે, જેના પર બિલિ કે કમળ ચઢાવાય છે અને દૂધ-પાણીનો અભિષેક થાય છે. આ પાણી નીચે ઉતરે છે પણ સીધી સતત ધાર ન થવાથી ગાયની ખરીનું શિવલિંગ સલામત રહે છે.

વૈજનાથ મહાદેવની સામે ૫૧ ફૂટના હનુમાનજીની મૂર્તિ છે. ભરૂચ પાસે આવેલા માલસર ગામના લાલજી મહારાજે આ હનુમાનજીની સ્થાપના કરી હતી. અગિયારમાં રૂદ્ર તરીકે ઓળખાતા હનુમાનજીને બરાબર મહાદેવ મંદિર સામે પ્રસ્થાપિત કરવાનો દૈવી સંકેત એમને મળ્યો હોવાનું કહેવાય છે.

આ મંદિરે શ્રાવણના સોમવારે ખાસ મેળો ભરાય છે. આ મંદિરની બીજી વિશેષતા એ છે કે, નંદીની પાછળ કાચબો છે. સામાન્ય રીતે આનાથી વિપરિત હોય છે. શિવ એટલે કલ્યાણકારી, સૌના જીવનમાં આનંદ આપનારા શંકર-મહાદેવને શ્રદ્ધાથી માથું ટેકવતા મનોકામના પૂર્ણ થાય છે. વૈદનાથ-વૈજનાથ-વાસણિયા મહાદેવનો મહિમા અપરપાર છે. એટલે શ્રાવણ મહિનામાં એક બિલ્વ શિવાર્પણમ્ કહીને જો શિવલિંગ પર બિલીપત્ર અર્પણ કરીએ તો દેવાધિદેવ મહાદેવની કૃપા અવશ્ય મળશે!

**રેડ સિગ્નલ :**

શ્રદ્ધાની વાત હોય ત્યાં પુરાવાની ક્યાં જરૂર છે? એમ કહેતા હોય છતાં અહીં પૌરાણિક વૈજનાથ મંદિરના અનેક પુરાવા અને ચમત્કાર હજુ પણ જોવા સાંભળવા મળે છે!

# 'લાગે મનથી કે છે બધાં સુખી, સંપન્નને આઝાદને ગુલામી મનના વિચારોમાં હોય એમ પણ બને"



એમ પણ બને !

પારૂલ અમિત

સ્વતંત્રતા એટલે શું? આ એક ખૂબ રસપ્રદ પણ જટિલ એવો મહત્વપૂર્ણ વિષય છે.

આજના સમયમાં આઝાદી, સ્વતંત્રતા એવા વિષયો સામાન્ય લાગતા હશે. કારણ આજની આપણી ટેક્નૉલૉજી વાળી પેઢીને આ સ્વતંત્રતાનો સાચો અર્થ કોઈને ખબર જ નથી.

આમા કદાચ હું અને તમે પણ હોઈશું જ.

સ્વતંત્રતા એટલે શું? આ પ્રશ્ન જો હું મારા કે તમારા બાળકને પૂછું તો પહેલા મારે પૂછવુ પડે કે ફ્રીડમ વિશે જાણ છે?

તો તરત કહેશે કે આખો દિવસ મોબાઈલમાં ગેમ રમવાની અને ટીવી જોવા મળી જાય કોઈ રોકટોક વગર એટલે ફ્રીડમ....સ્વતંત્રતાપ

મરજી મુજબ ઓન લાઈન શોપીંગ અને ઘરે બેઠાં ફાસ્ટ ફૂડ એક કલિકે મળે એ સ્વતંત્રતા.

આ વાત તો થઈ બાળકોની પણ યુવાનીમાં સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચેનો ફરક સમજે એ સમજશક્તિ કેળવાયેલી છે ખરી?

"પ્રેમ ભાવ પરસ્પર એ જ રાષ્ટ્રની ભાવના છે ભારત સુખી, સંપન્ન આઝાદ ત્યારે જ છે, શહીદોને સાચી સલામી શાન થી છે. આ દેહ ભારતની ભૂમિ ને નતમસ્તક છે" તો ખરેખર સ્વતંત્રતા એટલે શું?

મરજી મુજબનું જીવન જીવવું એટલે સાચી સ્વતંત્રતા? કદાચ સ્વતંત્રતા એટલે હક,અધિકાર.

પણ આપણને બધાં હક અને અધિકાર મળી ચૂક્યા છે નાનપણથી , પણ જ્યારે નહોતા મળ્યા અથવા જેને હજુ મળ્યા જ નથી એમનું શું?

મિત્રો, વિદેશીઓ દ્વારા પોતાના જ નહી પણ આખા દેશના હક છીનવી લીધેલ હોય અને તેના માટે એક જૂથ થઈ લડત લડવી પડે એ જુસ્સો કેવો હશે? જયાં ઈન્ટરનેટ જેવી કોઈ સુવિધા ના હોય છતાં આખે આખા રજવાડા ભેગા કર્યા હોય એ જુસ્સો ખરેખર કાબિલેદાદ છે.

કદાચ એ એટલે શક્ય બન્યુ હોય કે ત્યાં સલાહકાર બનવા કરતાં માર્ગદર્શક બનનારા માણસો વધુ હશે. અને એ ક્રાંતિવીરો દેશ પ્રેમની લાગણીઓ કેવી કેવી કવિતાઓ, અને પત્રોમાં કંડારતા હતા. ગાંધીજીના વિચારો ને અને એમની ચળવળ વિશે આપણે સૌએ વાંચ્યું અને ફિલ્મો પણ જોઈ,માત્ર જોવા અને વાંચવાથી આપણે એ પીડા સમજી શકીએ ખરાં? આટલા વર્ષે પણ આપણે આઝાદીનો ખરો મતલબ સમજી શક્યાં નથી.

આપણે બસ ગાઈ અને બે શબ્દો લખી આઝાદીના પર્વને ઉજવી લઈએ અને રજાની આઝાદી માણીએ.

પણ! એ સ્વાતંત્ર સેનાની વ્યક્તિ જેલમાં કેદ હોય અને જુલ્મ સહન કરતાં હોય અને એ સમયે કવિતા સ્ફુરે જેનાથી લોકોમાં જુસ્સો આવે અને લડત ને અંજામ આપે.

ગુલામીના યુગમાં ભાગ્યે જ કોઈ કવિ એવો હશે જેણે સ્વાતંત્ર્યની લડત વિષે કે ગાંધીજી વિષે એક પણ કાવ્ય લખ્યું ન હોય. એક માહિતી અનુસાર ૧૯૩૦થી ૧૯૫૦ સુધીના સમયગાળામાં આ પ્રકારનાં ઢગલાબંધ કાવ્યો આપણી ભાષામાં લખાયાં. પણ તેમાં સૌથી વધુ લાંબો સમય ટકી રહ્યાં હોય તો તે રાષ્ટ્રીય શાયર સ્વ.ઝવેરચંદ મેઘાણીના કાવ્યો. એ કાવ્યો વાંચીએ એટલે નજર સમક્ષ આખા દ્રશ્ય આંખ સામે ઉપસી આવે. મેં ક્યાંક વાચ્યું હતું કે ૧૯૩૦ના એપ્રિલની છઠ્ઠી તારીખે પ્રગટ થયેલા 'સિંધુડો' નામના ૩૦ પાનાંના સંગ્રહમાં ૧૬ કાવ્યો લખાયા હતાં.જે એ સમયમાં લોકોમાં અગ્નિ જ્વાળાની જેમ પ્રસરવા લાગ્યાં હતાં. એક હાથિયાર સમા. બ્રિટીશ સરકાર ગુજરાતી ભાષાના આ કાવ્ય જોઈ ચોંકી ઊઠી હતી અને આ સંગ્રહની બધી નકલો જપ્ત કરી હતી. પરંતુ તે પહેલાં તો તેની દસ હજાર જેટલી નકલો વેચાઈ ચૂકી હતી. એ સમયમાં મેઘાણીને બે વર્ષની જેલની સજા પણ થઈ હતી. મેઘાણી સાહેબ ના કાવ્યની અમુક પંક્તિ રજુ કરું છું.

પડું કેદખાનાંને ઓરડે,
લટકુંયે ફાંસીને દોરડે,
લાખો ગોળી તોપતણી ગડે;
તારો હાથ હોય લલાટ,
તો ભલે આવે જુલ્મ તણી ઝડી !
તારું નામ હોય જબાન,
તો શી છે ભીતિ, ઓ મારી માવડી !
મારા દેશના સહુ શોષિતો,
દુનિયાના પિડીતો તાપિતો
ખૂણે ખૂણે ગાય તારા ગુણો
એના ભૂખ્યા પેટ છતાં એને,
કેવી મોંઘી તુ કેવી મીઠી
એના બેડી બંધન તુટશે,
એવી આશે ખલ્ક બધી ખડી !

કેવું વર્ણન આ મહાન કવિ દ્વારા.

શાસ્ત્ર અને શસ્ત્રએ બન્ને અંગ્રેજો પર ભારે પડ્યા હતાં.

કેટલાયે સ્વાતંત્ર્ય સેનાનીઓ એ ગુજરાતી,હિન્દી, બંગાળી, ઉર્દુ કેટ કેટલી ભાષામાં તો કારાવાસમાં કાવ્યો લખ્યા હતાં. જે પોતે જ એકતાનું એક મુખ્ય પરિબળ હતું. દેશ અને દેશની આઝાદીને ખાતર કુરબાન થનારા સર્વે વીરો-શહીદોને કોટિ કોટિ નમન! આ આઝાદી નિમિતે મારુ એક કાવ્ય રજૂ કરું છું.

થાય મન મોટા તો બધાં આઝાદ જ છે
ગુલામ તો મન ના વિચારો થી જ છે,
દેશ દાઝ શું? શરૂઆત પોતાનાથી જ છે,
મુક્તિ ખુલ્લા મન ના આચરણ ની જ છે,
દિલ સાફ તો દેશ ભક્તિ સાચી જ છે,
ખરી સ્વતંત્રતા તો મનથી મુક્ત વિચારો ની છે,
"પ્રેમ ભાવ પરસ્પર એ જ રાષ્ટ્ર ભાવના છે"
"ભારત સુખી, સંપ્પન આઝાદ ત્યારે જ છે"
શહીદોને સાચી સલામી શાન થી છે.
આ દેહ ભારતની ભૂમિ ને નતમસ્તક છે.

- parulamit198@gmail.com
7201001482

# સોશિયલ મિડિયાઃ વરદાનના વેશમાં પ્રવેશી ગયેલો અભિશાપ



થોટ પીચ પર નો બોલ

ડો. ધર્માંશુ વૈદ્ય

વર્તમાન સમયમાં આપણે ઈન્ટરનેટ અને સોશિઅલ મીડિયાની ગેબી અને જડ દુનિયામાં ખોવાઈ રહ્યા છીએ. બે માણસો મળે ત્યારે પણ ધ્યાન મોબાઈલમાં વાગતી નોટિફિકેશન રિંગ તરફ હોય એવું બનતું હોય છે. અહીંયા ધ્યાન રીઅલ લાઈફમાંથી સતત વર્ચ્યુઅલ લાઈફ તરફ જતું આપણે મહેસુસ કરીએ છીએ, છતાંપણ મોબાઈલના વળગણમાંથી આપણે છૂટી નથી શકતા. આ વિષય પર એન્ડ્રૂ સુલિવાનનો ચેતના જગાડતો લેખ "આઈ યુઝ્ડ ટુ બી અ હ્યુમન બીઈંગ" વાંચવા જેવો છે. આ લેખમાં સુલિવાન માનવ જીવન અને સુખાકારી પર ટેકનોલોજીની અને તેમાં પણ ખાસ તો ઈન્ટરનેટ અને સ્માર્ટફોનની અસર વિશે ચર્ચા કરે છે, જેમાં ઓનલાઈન વ્યસ્તતાની વ્યક્તિની માનસિક અને ભાવનાત્મક સ્થિતિ પર કેવી અસર પડે છે, તેની બહુ સટીક રજૂઆત છે.

લેખની શરૂઆત લેખકના ઈન્ટરનેટ પ્રત્યેના પ્રારંભિક આકર્ષણની વાત સાથે થાય છે, જેમાં તે પોતાના બ્લોગિંગના શરૂઆતના દિવસોને યાદ કરે છે. સામાન્ય લોકોની જેમ જ લેખક પણ બ્લોગીંગની શરૂઆત લોકો તેમના કામ સાથે અંગત અભિપ્રાયના માધ્યમથી જોડાય, જેથી કરીને તેમનું સર્જન વધારે બહેતર બને એવી માન્યતા સાથે જ કરે છે. પણ સમય જતા તેમને ખબર પડે છે કે ઈન્ટરનેટની માયામાં સતત અપડેટ્સ, સૂચનાઓ અને તેનાથી મળતી ત્વરિત પ્રસન્નતા ક્યારે વ્યસન બની જાય છે, તેની ભાગ્યે જ ખબર રહે છે. પછી તો દરેક લાઈક અને કોમેન્ટની તેમના મનોવિશ્વ પર અસર પડતી જાય છે. અહીંયા આપણે એ સમજી શકીએ છીએ કે કેવી રીતે ઈન્ટરનેટની વ્યસનયુક્ત પ્રકૃતિ અને ખાસ તો સ્માર્ટફોન દ્વારા સતત વિક્ષેપની સ્થિતિ વ્યક્તિના એકાંતનું ધોવાણ કરી નાખે છે. પરિણામે માહિતી અને ઉત્તેજનાના સતત બોમ્બમારાથી ઊંડા ચિંતનશીલ વિચાર અને વાસ્તવિક માનવ જોડાણ વધુને વધુ મુશ્કેલ બનતું જાય છે.

આ પછીના ભાગમાં ડિજિટલ ક્રાંતિની વ્યાપક સામાજિક અસરોની ચર્ચા છે. જેમાં કેવી રીતે સોશિયલ મીડિયાનું અલ્ગોરિધમ્સ આપણું ધ્યાન ખેંચવા અને મનને પકડી રાખવા માટે રચવામાં આવ્યું છે, તેની વાત છે. વધુમાં, આ માધ્યમ દ્વારા સમાજમાં ફેક ન્યૂઝનો ભયંકર ટ્રેન્ડ શરૂ થયો છે, જેના કારણે પરંપરાગત મીડિયામાંથી લોકોનો વિશ્વાસ ઘટતો જાય છે. આ ઉપરાંત માહિતીના વપરાશની ઝડપી ગતિએ સામાન્ય માણસ માટે સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ પારખવો પડકારજનક બનાવી દીધો છે. કેમ કે વોટ્સએપના એક મેસેજથી બીજા પર જતાં આપણને થોડાક સેકન્ડ જ લાગે છે. લેખના અંતિમ ભાગમાં વ્યક્તિએ સભાનપણે ટેક્નૉલૉજી સાથે જોડાવું જોઈએ અને ટેક્નૉલૉજી વ્યક્તિના જીવન પર કબજો ન કરી લે તે માટે મર્યાદાઓ અને સીમાઓ નક્કી કરવી જોઈએ, એવી મહત્ત્વપૂર્ણ ટકોર કરવામાં આવી છે. આ સાથે જ શાંત અને એકાંતથી ભરેલી જગ્યાઓ પર ગેજેટ્સ પ્રતિબંધિત બને જેથી કરીને ત્યાં જતો માણસ થોડોક સકૂન મેળવી શકે એ વાત પણ સુલિવાન કરવાનું ભૂલતા નથી.

આજની દુનિયામાં માહિતીનો મારો ચાલે છે, ત્યારે આપણે જરા થોભીએ અને મૂઢ બનતી જતી આપણી જાતને બચાવીએ, એ આ લેખનો છૂપો હેતુ હોય એવું લાગે છે. કેમ કે માણસનું ચિંતન બે વિચારો વચ્ચે રહેલી ગેપમાં થાય છે અને ઈન્ટરનેટનો આ યુગ એ વૈચારિક એકાંતને ખતમ ન કરી નાખે એ જોવાની આપણી વ્યક્તિગત જવાબદારી છે.

**પી.એસ.:**

**જે જાગે છે એ જ જોઈ શકે છે.**

- dharmanshuvaidya88@gmail.com
9265049335

# આકાશ અને અવકાશ વચ્ચેનો અનુબંધ



પમરાટ

મિત્તલ પટેલ

માણસ એ ઉગતી જીવનની સાંજને રોકવા, પાછી ઠેલવા, "જે નથી" એ બતાવવા કેટકેટલું કરતો હોય છે. નિરાશાની ખીણને આત્મસાત કરીને જ આશાના કિરણને ઉગવા સ્પેસ આપી શકાય છે. જ્યારે મોટેભાગે આપણે નિરાશાને ધક્કો મારતાં રહીએ છીએ. નિરાશાથી ડરવા અને નકારવા કરતાં નિરાશાના તર્ક અને મર્મને સમજી, તેને એક વળાંક (યુ ટર્ન ) આપી નવીન ઉર્જાવાન રસ્તે વાળી શકાય છે.ત્યાંથી જ ઘણી બધી શક્યતાઓનુ ઉગમણુ થતું હોય છે. નિરાશાની અનુભૂતિ થાય છે. પણ"એ નથી".."નથી જ" એવો દંભ કરી જાતને છેતર્યા કરવાથી ઊલટું કુત્રિમતા અને જાત પ્રત્યેની અવહેલના તમને વધારે નિરાશામાં ધકેલશે. નિરાશાને નીરની જેમ વહેતું રાખી, તે વહેણને બદલી કિસ્મતની નવીન દિશાની બારીઓ ખોલી શકાય છે.

**"નિરાશ થવું" ખોટું નથી," નિરાશામાં ગરકાવ થઈ જવું" ખોટું છે.**

નિરાશાની ક્ષણોને આત્મવિશ્વાસપૂર્વક સ્વીકાર કરી, "આ થવું નોર્મલ છે", " સહજ છે" એવું પોતાની જાતને કહી ,જે દિશામાં વિચારોના વહેણ જઈ રહ્યા છે, તેને પારખી નિરપેક્ષ ભાવે તટસ્થતાથી જોઈ, જે તે બાબતના હકારાત્મક પાસાને જોઈ શકવાની ક્ષમતા કેળવી, તેનાં ઉપાય ઉકેલ વિશે વિચાર કરો અને અજમાવવાનું ચાલુ કરો, તો થોડાં સમય પછી ચોક્કસથી સમજાશે કે નિરાશા પણ ખૂબ જ જરૂરી હતી. નહીંતર તમે આ દિશામાં ક્યારેય વિચાર્યું જ ન હોત. એ દિશા જ ન મળી હોત. જીવનમાં નવીન શક્યતાઓ, નવીન દિશાઓ, નવીન વિચારધારાઓ, નવીન આશાઓના ઉદગમ સ્થાન સ્વરૂપે નિરાશા કેટલી જરૂરી હોય છે એ ત્યારે જ તમને સમજાશે.

જો નિરાશામાં ડૂબી ગયા અને પોતાની જાતને ખોઈ બેઠા તો હોકાયંત્ર વગરનાં જહાજની જેમ, તમારી જિંદગી "તમારાં"વગર જ પૂરી થઈ જશે. તમારી જિંદગીમાં તમારું ખુદનું જ ઈનવોલ્વમેન્ટ નહીં હોય. આવું જીવન "જીવન" કહેવાય ખરું?

**અશ્રુની ધારાનો અભિષેક,**
**શું હળવાશ નથી આપતો...???**
**શું કુત્રિમ હાસ્ય એટલી,**
**હળવાશની અગ્રીમતા આપી શકે છે??**

કોઈ આપણને "ઓળખે" એનાં કરતાં આપણે ખુદની "એક ઓળખ હોય", એવું તમે ઈચ્છતા હોય તો નિષ્ફળતાને આ વૈજ્ઞાનિક સ્ટેપ્સમા તારવી એક ચોક્કસ દિશા આપવાની જરૂર હોય છે. જે સફળતા સુધી ચોક્કસ પહોંચાડશે . પીડા, દુઃખ અવહેલના જીવનમાં આવશે જ. પણ તે પીડામય, દુઃખમય,અવહેલનામય થયાં વગર ચોક્કસ તબક્કાઓમાં પૃથ્થકરણ કરી કારણ, કારક, સાધ્ય, સાધનમાં જ જાત સાથે પૂરી ઓનેસ્ટીથી વિચારી ઉકેલના બીજા રસ્તાઓ તથા નવીન રસ્તાઓ વિશે માનસિક કસરત કરી, વિચારી, ઈન્ટ્યુશન અંતરાત્માના અવાજની દોરવણીની મદદ લઈ, સતત નવાં પ્રયત્નો કરી મક્કમ મનોબળ કેળવીને મથવું પડે.

તમારું "આકાશ"ની જેમ વિશાળ માનસિકતાને વિકાસાવવાની વૃત્તિ હોય, તો જ તમે સફળતાના "અવકાશ"ની અસીમ સીમાઓને પામી શકો.

"અગ્નિપરીક્ષા" ત્યારે જ થાય જ્યારે આપણામા "તપવા"ની ક્ષમતા ઈશ્વરે મૂકી હોય. રસ્તા પર ચાલવું સહેલું છે, જાતે નવી પોતાની કેડી કંડારવા અથડાવું, તૂટવું, જોડાવુ, તપવુ પડે છે .તે માટે બહુ મજબૂત પોલાદી કાળજાની જરૂર હોય છે.

- mitalpatel56@gmail.com
94289 03743